# સે. ૫માં સગર્ભા મહિલાઓને આપવાની રસીનું ખુલ્લામાં વિતરણ..!!!

## અર્બન હેલ્થ સેન્ટર બંધ હોવાથી આરોગ્ય કર્મીઓને તડકામાં બેસી રસી વિતરણની ફરજ પડી : ગરમીના કારણે રસી બગડી જવાનો અને પ્રતિકૂળ અસર પેદા કરવાનો ભય : કોર્પોરેટર હિરલબેન જોષીએ હેલ્થ સેન્ટર ખોલવા માંગ કરી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં વોર્ડ નં. ૭માં સેક્ટર-૫ ખાતે અર્બન હેલ્થ સેન્ટર બંધ હોવાથી સગર્ભા મહિલાઓને આપવાની રસીનું બહાર ખુલ્લામાં વિતરણ કરાઈ રહ્યું છે. અત્યારના અતિશય ગરમીના વાતાવરણમાં પણ ખુલ્લામાં રસીનું વિતરણ કરવામાં આવી રહ્યું હોઈ આ રસીની કાર્યક્ષમતા કે અસરકારકતા કેટલી રહેશે અથવા ગરમીના કારણે રસીમાં આપવામાં આવતી દવાઓ ગરમ થઈ જવાથી કોઈ પ્રતિકૂળ અસર ઉભી કરે તેવા સંજોગો પેદા થતા આ વિસ્તારની સગર્ભા મહિલાઓના સ્વાસ્થ સાથે ગંભીર પ્રકારની બેદરકારી સેવવાનું કૃત્ય આચરાઈ રહ્યું છે. ખુલ્લામાં રસી આપતા આરોગ્ય કર્મીઓને અર્બન હેલ્થ સેન્ટર ખોલી આપવા વોર્ડ નં. ૭ના કોર્પોરેટર હિરલબેન જોષીએ મ્યુનિસિપલ કમિશનર તથા મેયરને પત્ર લખી ભલામણ કરી છે.

સેક્ટર-૫ માં પ્રેરણા સ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવ પતાવી પરત ફરી રહેલો કોર્પોરેટર્સને અર્બન હેલ્થ સેન્ટરના આરોગ્ય કર્મીઓ દ્વારા સગર્ભા મહિલાઓને આપવામાં આવતી રસીનું ખુલ્લામાં વિતરણ કરતા નજરે ચઢ્યા હતા. આ કોર્પોરેટર્સમાં હિરલબેન જોષી,



રાકેશભાઈ પટેલ, ઉર્મિલાબેન વર્મા તથા જયરાજસિંહ વાઘેલા સામેલ હતા. સગર્ભા મહિલાઓ માટેની અતિઆવશ્યક રસીનું આમ ખુલ્લામાં વિતરણ થતુ જોઈ આ કોર્પોરેટર્સને આઘાત સાથે આંચકો લાગ્યો હતો. તેમણે આરોગ્ય કર્મીઓની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે અર્બન હેલ્થ સેન્ટર તો બંધ છે અને તેમને પ્રેરણા સ્કૂલમાં જગ્યા ફાળવવામાં આવી છે, પરંતુ પ્રેરણા સ્કૂલમાં તેમને બેસવાનું ફાવતુ ના હોવાથી તેઓ સ્કૂલ કેમ્પસની બહાર એક ઝાડ નિચેના ઓટલા પર બેસી રસી આપવાનું કાર્ય કરી રહ્યા છે.

ઉનાળાના સમયમાં આ પ્રકારની અગત્યની રસીઓને આમ ખુલ્લામાં રાખવાથી તેની કાર્યદક્ષતા પર અસર પહોંચી શકે અથવા તે લાભાર્થીને પ્રતિકૂળ અસરો પહોંચાડી શકે તો તેવા સંજોગોમાં સગર્ભા મહિલા તથા તેના સંતાન માટે જોખમરૂપ બની શકે છે. આ પ્રકારની ગંભીર બેદરકારી જોઈ અવાચક બનેલા કોર્પોરેટર હિરલબેન જોષીએ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર તથા મેયરને પત્ર લખી સત્વરે અર્બન હેલ્થ સેન્ટર ખોલી આપવા માંગ કરી છે. જો કે અર્બન હેલ્થ સેન્ટર શા માટે બંધ રખાય છે અને શા માટે આરોગ્ય કર્મીઓને આ રસીનું ખુલ્લામાં વિતરણ કરવું પડી રહ્યું છે, તેમજ આ પ્રકારની ગંભીર બેદરકારી માટે કોણ જવાબદાર છે તે પ્રશ્નો આ વોર્ડના રહેવાસીઓને સતાવી રહ્યો છે. અને આ માટે જવાબદારો પ્રત્યે પગલા લેવાય તેવી માંગ પ્રવર્તી રહી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય અધિકારિતા સમિતિની આજે એલ.એન. પરમારના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં સ્વભંડોળમાંથી સૂચવાયેલ વિકાસ કામો-૨૦૧૬-૧૭ને મંજૂરી આપવામાં આવી હતી.

● ગાંધીનગરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ ગાંધીનગર આવી રહ્યાના અહેવાલોને લઈ ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે.

● ચોમાસા દરમ્યાન સ્વાઈન ફ્લુના કેસો પણ થઈ શકે છે તેવી ચેતવણી સાથે જિલ્લાના રોગચાળા નિયંત્રણ અધિકારીઓને સતર્ક રહી દવાનો જથ્થો તેમજ અન્ય પગલાં લેવા આજે રાજ્યના આરોગ્યતંત્રએ ખાસ સૂચનાઓ આપી છે.

● જિલ્લા પંચાયતની આગામી ૩૦મીએ મળનારી બેઠકમાં આ વખતે પ્રશ્નોત્તરી માટે બન્ને પક્ષો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● જિલ્લા પંચાયતમાં વાહન-પાર્કિંગની સમસ્યા ગંભીર બની રહી છે. વન વિભાગે વાવેતર માટે ખાડાઓ કરતાં પાર્કિંગના પ્રશ્નો ઉભા થયા છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




જુઓ... ELEPHANT.... સો વખત લખો... મંત્રીશ્રીને સ્પેલીંગ ન આવડે તે સમજાય... પરંતુ આપણે તો શિક્ષક કહેવાઈએ... શું સમજયા...?!

## ગામમાં ઘણા દારૂ વેચે છે, મારા ભાઈને પીતા કેમ પકડયો...?

### લેકાવાડાથી પોલીસે યુવાનને પીધેલો પકડીને કેસ કર્યો એટલે તેના ભાઈ સહિત ગામના ત્રણ યુવાનોએ પોલીસ સ્ટેશન પહોંચી જઈ પીએસઆઈને ખખડાવ્યા : ત્રણેય સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૧૭

ચિલોડા પોલીસ મથકના પીએસઆઈ આર.એસ. રાજપુત તેમની ટીમ સાથે ગઈ કાલે પેટ્રોલીંગમાં હતા ત્યારે લેકાવાડા ગામમાંથી દારૂ પીધેલી હાલતમાં જીતેન્દ્ર વિક્રમસિંહ વાઘેલાને પકડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તેટલામાં રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં જીતન્દ્રનો ભાઈ અરવિંદ તથા અન્ય બે શખ્સો મિતેષ ભરતસિંહ વાઘેલા અને ધર્મેન્દ્ર બચુજી વાઘેલા ચિલોડા પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા. ગામમાં ઘણા દારૂ વેચે છે, આને એકને કેમ ખોટી રીતે પકડયો છે તેમ કહી ત્રણેય શખ્સો પીએસઆઈને ખખડાવવા લાગ્યા હતા.પીએસઆઈએ ત્રણેય સામે સરકારી કામકાજમાં રૂકાવટ ઉભી કરવા બદલ ગુનો દાખલ કરી ત્રણેય સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સિવિલ હોસ્પિટલનું લાઈટબીલ આ વખતે પાંચ લાખ વધારે આવ્યું

### ઉનાળામાં પંખા એસી સતત ધમધમતા હોવા છતા સોલાર પેનલને પગલે હોસ્પિટલના લાઈટબીલમાં રૂ. ૨ લાખની બચત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું ઉનાળાનું વિજ બિલ અંદાજે રૂ.૨૫ લાખ જેટલું આવે છે. શિયાળા તેમજ ચોમાસામાં સરેરાશ રૂ.૧૮ થી ૨૦ લાખ વિજ બિલ આવે છે. જયારે દર્દથી કણસી રહેલા દર્દીઓને ઉનાળાની ગરમીનો સામનો કરવો ના પડે તે માટે સતત પંખા, કુલર, અને એસી કાર્યરત રાખવામાં આવે છે. જેને અનુલક્ષી સામાન્ય દિવસો કરતા ઉનાળાની રૂતુના વિજ બિલમાં રૂ.૫ લાખનો વધારો થવા પામે છે. જયારે સિવિલ હોસ્પિટલના ધાબા ઉપર લગાવેલ સોલાર પેનલમાં ઉત્પન્ન થતી વિજળીને પગલે હોસ્પિટલ તંત્રને બિલમાં અંદાજે રૂ. ૨ લાખનો ફાયદો પણ થવા પામે છે.

ઉનાળાની ગરમીમાં નગરજનો શેકાઈ રહ્યા છે. નગરનું જનજીવન ગરમીથી પ્રભાવિત બન્યું છે. ગરમીથી રાહત મેળવવા નગરજનો પંખા, કુલર, એસી ઓન કરીને ઘરમાં પુરાઈ રહેવા મજબુર બન્યા છે. ત્યારે દર્દથી કણસી રહેલા દર્દીઓ ને કાળઝાળ ગરમીનો સામનો ના કરવો પડે તે માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા સતત એસી, પંખા, અને વોટર કુલર ઓન રાખવામાં આવે છે. સિવિલ હોસ્પિટલમાં પાંચ માળની ઓપીડીમાં સવાર સાંજ સતત દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. જયારે આઠ માળની નવી બિલ્ડીંગમાં ઈન્ડોર દર્દીઓ વિવિધ રોગની સારવાર લઈ રહ્યા છે. હોસ્પિટલ ૨૪ કલાક કાર્યરત રહેતી હોવાથી દર્દથી કણસી રહેલા દર્દીઓ માટે આઈસીયુ વિભાગ તેમજ સ્પેશયલ વોર્ડમાં સતત એસી શરુ હોય છે. ઉનાળાના સમયમાં હોસ્પિટલમાં વિજ વપરાશમાં પણ ધરખમ વધારો જોવા મળે છે. સામાન્ય દિવસો કરતા વિજબિલમાં રૂ. પાંચ લાખનો વધારો જોવા મળે છે. જયારે શિયાળા તેમજ ચોમાસામાં અંદાજે રૂ. ૧૮ થી ૨૦ લાખ વિજબિલ આવતું હોય છે. જયારે હોસ્પિટલના ધાબા પર અંદાજે પાંચ વર્ષથી સોલાર પેનલ લગાવાઈ છે. આ સોલાર પેનલમાંથી વિજ ઉત્પાદન થાય છે. હોસ્પિટલ તંત્રને આ પેનલમાંથી ઉત્પન્ન થતી વિજળીને પગલે રૂ.૨ લાખ જેટલો ફાયદો બિલમાં થવા પામે છે.





પ્રવેશોત્સવ અંતિમ ચરણમાં : શહેરની સેક્ટર-૧૬ મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે પ્રવેશોત્વ ઉલ્લાસપૂર્વક યોજાયો હતો. ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ પોતાના સંસ્મરમોમાં આ શાળામાં જ અભ્યાસ કરવાનું ગૌરવ અનુભવે છે. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળામાં છેલ્લા બે વર્ષથી શૈક્ષણિક વિકાસ થઈ રહ્યાનો સંતોષ પણ વ્યક્ત કરાયો હતો.

## આજીવન કેદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રોસિક્યુટર આરસી કોડેકર દ્વારા તમામ ૨૪ અપરાધીઓ માટે આજીવન કારાવાસ અથવા તો મૃત્યુદંડની ઓછી સજા ન કરવા દલીલ કરી હતી. જયારે ભોગ બનેલા લોકોના વકીલ એસએમ વોરાએ પણ આરોપી માટે મહત્તમ સજાની માંગ કરવામાં આવી હતી.

સજાને લઈને હાલમાં ભારે સસ્પેન્સની સ્થિતી રહેલી હતી. કારણ કે સજાની જાહેરાત કરવામાં આવી રહી ન હતી. ૧૩મીએ અગાઉ સજાની જાહેરાત કરવામાં આવનાર હતી.જો કે એ દિવસે પણ સજાની જાહેરાત થઈ શકી ન હતી. છ, નવ અને ૧૦ અને ૧૩મી જુનના દિવસે બન્ને પક્ષો દ્વારા દલીલો કરવામાં આવી હતી. હત્યાના મામલે દોષિત જાહેર થયેલા માટે આજીવન કારાવાસની માંગ પ્રોસિક્યુશન દ્વારા કરવામાં આવી હતી. હત્યાકાંડ મામલે બીજી જૂનના દિવસે અમદાવાદની ખાસ અદાલતે મામલામાં લાંબા ગાળા બાદ ચુકાદો આપતા ૬૬ આરોપીઓ પૈકી ૨૪ને અપરાધી ઠેરવ્યા હતા અને ૩૬ને નિર્દોષ છોડી મુક્યા હતા. જે આરોપીઓને અપરાધી જાહેર કરવામાં આવ્યા હતા તેમાં વિહિપના નેતા અતુલ વૈધ્યનો સમાવેશ થાય છે.

ચકચારી આ કેસમાં ટ્રાયલ સાત વર્ષ સુધી ચાલી હતી. સઘન સુરક્ષા વચ્ચે ખાસ જજ પીબી દેસાઈ દ્વારા બીજી જુનના દિવસે ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૫માં ખાસ અદાલતે ટ્રાયલ પૂર્ણ કરી હતી. આ હત્યાકાંડમાં અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ૬૯ લોકોના મોત થયા હતા જેમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ અહેસાન જાફરીનો સમાવેશ થાય છે. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે આ હત્યાકાંડ સર્જાયો હતો. ગોધરા રેલવે સ્ટેશન ખાતે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનને આગ ચાંપી દેવાની ઘટનાના એક દિવસ બાદ એટલે કે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે આ હત્યાકાંડ થયો હતો જેમાં ૬૬ આરોપીઓ હતા.


## ટેન્ડર કમ જાહેર હરાજી

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું મારૂતિ સુઝીકી SX-4, VXI, (પેટ્રોલ / C.N.G. કીટ સાથે છે. કાર નં. જીજે-૧૮-જી-૨૫૧૧ જેની અપસેટ કિંમત રૂ. ૧,૩૫,૦૦૦/- નિયત થયેલ છે. તેનો ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવા માટે ભાવપત્રક રૂ. ૧૩,૫૦૦/- મુજબ રાષ્ટ્રીયકૃત બેંકના ડ્રાફ્ટ / ફીક્સ ડીપોઝીટ રસીદ સાથે સીલબંધ કવરમાં તા. ૨/૭/૨૦૧૬ સુધીમાં શ્રી વી. જી. વણઝારા, સંયુક્ત સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં. ૭ / ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર ટે.નં. ૨૩૨ ૫૧૪૫૮ને મોકલી આપવા જણાવવામાં આવે છે. નક્કી કરવામાં આવેલ તળીયાની કિંમત (Up set Price) થી ઓછી કિંમતના ટેન્ડર લક્ષમાં લેવામાં આવશે નહીં. આ વાહનની જાહેર હરાજી જે વ્યક્તિ / પાર્ટીએ ભાવપત્રકો સાથે બાનાની રકમ ભરેલ હશે તેમની હાજરીમાં ટેન્ડર ખોલી આ વિભાગના કમિટી રૂમમાં તા. ૬/૭/૨૦૧૬ના રોજ ૧૨.૩૦ કલાકે યોજવામાં આવશે. હરાજીની શરતો આ વિભાગની વેબસાઈટ www.gujhealthgov.in પર મૂકવામાં આવેલ છે.

સહી/-
(અચલ સોની)
સેક્શન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

માહિતી/૭૨૨/૨૦૧૬-૧૭


## ગાંધીનગરમાં આજથી ભાજપ મહાનગર દ્વારા દ્વિ-દિવસીય અભ્યાસ વર્ગ

ગાંધીનગર, તા.૧૭

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગરના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલે (દાસ) એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સમગ્ર રાજયમાં યોજાઈ રહેલા અભ્યાસ વર્ગની શ્રેણીમાં ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા તા. ૧૮-૧૯ જૂનના રોજ શનિવાર અને રવિવાર એમ બે દિવસીય અભ્યાસ વર્ગ યોજવામાં આવેલ છે.

ઉમિયા માતાની વાડી ઉમિયાધામ, સે-૧૨ ખાતે યોજાનાર આ અભ્યાસ વર્ગમાં ગાંધીનગરના કર્મઠ કાર્યકરોને તાલીમ આપવામાં આવશે. આ અભ્યાસ વર્ગમાં ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી શ્રી કે.સી. પટેલ, શ્રીમતી રમીલાબેન બારા, શ્રી દુષ્યંતભાઈ પંડયા, શ્રી રાજુભાઈ શુકલ, માનનીય શ્રી વાડીભાઈ પટેલ તથા પ્રદેશ ભાજપના પ્રવકતા શ્રી ભરતભાઈ પંડયા જુદા જુદા વિષયો પર માર્ગદર્શન આપશે.

કાર્યક્રમમાં નવોદિત કાર્યકરોને જોડાવા તથા અભ્યાસ વર્ગનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ વર્ગમાં ભાજપાનો ઈતિહાસ અને વિકાસ, કાર્યકરોની ભૂમિકા, સરકારની યોજનાઓ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે.

## સ્વપ્ન ધુંધળુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને દબાણોને કારણે સલામતીનો અભાવ પણ એક પડકાર બનીને ઉભરી રહેલી સમસ્યા છે. ગાંધીનગર શહેર પ્રવાસીઓના ટ્રાન્ઝીટ પોઈંટ તરીકે વધુ વિકાસ પામેલુ છે. આ શહેર આમ તો સૌ માટે છે પણ શહેર માટે કોઈ નથી તેવી લાગણી આજે પણ ગાંધીનગરનો નગરજનો ક્ષોભ સાથે અનુભવી રહ્યો છે.

આ નગરને અન્યાય થતો હોવાથી અનેક રાજકીય વાતો વચ્ચે પણ આ નગરને હજુ મનપાનો દરજ્જો મળ્યો છે પરંતુ સત્તાઓ કે કર્મચારીઓની ઘટ એ પણ તેની એક મોટી સમસ્યા છે. આમ બધાજ પાસાંઓને ધ્યાનમાં લઈએ તો શક્યતાઓ નહિવત્ દેખાય છે. જો કે તંત્રને એવી આશા છે કે સોલાર સીટી તરીકે પસંદગી પામેલ આ નગર શૈક્ષણિક સંસ્થાઓનું હબ અને સ્ટાર્ટ અપ હબને કારણે વિકાસની તકો ધરાવતુ નગર છે. અમદાવાદ અને ગિફ્ટ સીટી સાથે રિજીયોનલ સ્માર્ટ સીટી હબ તરીકે પણ તે વિકાસ પામી શકે તેવી શક્યતાઓ વિપુલ માત્રામાં રહેલી છે.

## નોટીસ ફટકારી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાસ કરીને શહેરના સ્લમ વિસ્તારમાં ઝુંપડા પર તાડપત્રી નાખી અને તે ઉડી ના જાય તે માટે બિન ઉપયોગી ટાયરો મુકવામાં આવતા હોય છે. આ બધી બાબતોને તંત્રએ અતિગંભીરતાથી લીધી છે. ગાંધીનગર શહેરમાં મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો ગયા વર્ષે જોવા મળ્યો હતો જયારે ૧૦૦થી વધુ ડેન્ગ્યુના કેસો નોંધાયા હતા. આ વખતે શહેરનો સંવેદનશીલ શહેરોની યાદીમાં સમાવેશ થયેલો હોવાથી તંત્ર માટે પણ પડકાર છે અને તેથી ચોમાસા પહેલાં જ તંત્ર ગંભીર બન્યુ છે.

## ઈન્ફોસીટી વિસ્તારમાંથી પોલીસે પાંચ બાઈકર્સને ઝડપી પાડયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી રાત્રીના અંધકારમાં ધુમ સ્ટાઈલે બાઈક હંકારતા લબરમુછીયા યુવાનો નજરે પડે છે. બાઈકના ઘોંઘાટ ભર્યા સાયલેન્સર ને કારણે વસાહતીઓ હેરાન-પરેશાન થઈ ગયા છે. પરંતુ હાઈ-સ્પીડે બાઈક હંકારતા યુવાનો આંખના પલકારમાં અદ્રશ્ય થઈ જાય છે. શહેરના ધુમ બાઈકર્સ અન્ય વાહન ચાલકોને પણ કનડગત ઉભી કરે છે. ઈન્ફોસીટી વિસ્તારમાં મોંઘાદાટ બાઈકો ધુમ સ્ટાઈલે હંકારતા પાંચ બાઈકર્સને ઈન્ફોસીટી પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. શહેર પોલીસે લાલ આંખ કરતા બાઈકર્સમાં ભય ફેલાયો છે.

ગાંધીનગરના યુવાનો મોંઘાદાટ બાઈકો ધુમ સ્ટાઈલે હંકારીને જાણે નગરના માર્ગોને બાનમાં લેતા હોય તેવું લાગી રહ્યું છે. બાઈકર્સને બાઈક હંકારતા જોઈને અન્ય વાહન ચાલકો પણ દંગ રહી જાય છે.

શહેરમાં રાત્રીનો અંધકાર જામતા જ બાઈકર્સનો દિવસ ઉગતો હોય છે. શહેરના રાજમાર્ગો સહિત સેકટરના આંતરીક માર્ગો પર પણ અવનવા સ્ટંટ યોજી વસાહતીઓને હેરાન કરતા હોય છે. જયારે ઘોંઘાટવાળા સાયલેન્સરને પગલે અન્ય વાહનચાલકોને પણ પારાવાર પરેશાની વેઠવી પડે છે. બાઈકર્સેની ધુમ સ્ટાઈલની બુમ નગરમાં વધી જતા પોલીસને નાગરીકોની અનેક ફરીયાદ મળી હતી.

પોલીસ શહેરના માર્ગો પર ધુમ સ્ટાઈલે બાઈક લઈને ફરતા બાઈકર્સને પકડવા કવાયત તેજ કરી હતી. જેને અનુલક્ષી ઈન્ફોસીટી વિસ્તારમાંથી પોલીસે પાંચ બાઈકર્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. પોલીસે બાઈકર્સ સામે લાલ આંખ કરતા અન્ય બાઈકર્સમાં પણ ગભરાટ ફેલાયો છે. શહેરના માર્ગો પર ધુમ સ્ટાઈલે બાઈકો હંકારીને આંખના પલકારામાં અદ્રશ્ય થઈ જતા બાઈક ચાલકોને પકડવા પોલીસ માટે પણ પડકારજનક હતું.

## "સરકારી નોકરી તમે પણ મેળવી શકો" પુસ્તકનો વિમોચન સમારોહ યોજાશે

યુપીએસસી અને જીપીએસસી સ્પર્ધાત્મક પરીક્ષા માટેના સર્વ જ્ઞાતિના ઉમેદવારો માટે ફ્રી સેમીનાર અને સરકારી નોકરી તેમ પણ મેળવી શકો પુસ્તકનો વિમોચન સમારોહ તા. ૧૯મી જૂનના રોજ સવારે ૯ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સેકટર-૧૭ ખાતે યોજાશે. નોકરીઓ મેળવવા માટે સ્પર્ધાત્મક પરિક્ષામાં સફળ થઈ ઉજજવળ કારકીર્દી ઈચ્છતા ગુજરાતના યુવાનો માટે શૈક્ષણિક જાગૃતિના ભાગરુપે રાષ્ટ્રીય કુમ્હાર મહાસભા નવી દિલ્હી ગુજરાત પ્રદેશ એકમ અને શાઈનીંગ ગુજરાત(ગુજરાતી પાક્ષીક)ના સહયોગથી યુપીએસસી અને જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તમામ જ્ઞાતિના ઉમેદવારો માટે એક દિવસીય ફ્રી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રીરામ પ્રજાપતિ સંપાદિત સરકારી નોકરી તેમ પણ મેળવી શકો પુસ્તકનું વિમોચન કરવામાં આવશે. રાજયના યુવાનોને શૈક્ષણિક સભાનતા માટે પ્રેરણા આપવાના અમારા ઉદેશમાં અમદાવાદ ગાંધીનગરમાં ચાલતા કેરીઅર એકેડેમીના સંચાલકોએ પણ સાથ સહકાર આપ્યો છે. આ કાર્યક્રમમાં સચિવાલય તથા ગાંધીનગરની અન્ય કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ -૧ તથા વર્ગ-૨ ના અધિકારીઓ, પ્રજાપતિ સમાજના આશરે ૬૦થી વધુ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. પ્રજાપતિ સમાજની ૭૩ સંસ્થાના પ્રમુખ આગેવાનો તથા પ્રજાપતિ સમાજના ૨૦૦ થી વધુ સ્નાતક યુવક યુવતિઓ ઉપસ્થિત રહેશે.

## આવતીકાલે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સીડીનું અનાવરણ

ગાંધીનગર, તા.૧૭

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને યુથ આઈકોન શ્રી રાહુલ ગાંધીનો જન્મદિવસ ૧૯મી જૂન રવિવારે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના ભાગ રૂપે ગુજરાત કોંગ્રેસ દ્વારા ધો-૧૨ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટેની ઈ-બુક લોંચ કરવામાં આવેલી છે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા તેનું સીડીમાં રૂપાંતરણ કરીને ગત તા.૧૩ જૂને વિમોચન કરવામાં આવ્યું હતું. જેના વિતરણનો કાર્યક્રમ ૧૯ જૂન રવિવારે સવારે ૯.૩૦ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય પ્લોટ નં. ૩૧૫, સ્ટેટ બેંકની બાજુમાં, સે-૨૨ ખાતે યોજવામાં આવેલ છે. સૌ વિદ્યાર્થીઓને આ સીડી વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવાશે. ધો-૧૨ના સૌ વિદ્યાર્થીઓ અને વાલી મિત્રોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

## ગુજરાત ઈતિહાસ પરિષદમાં જિતેન્દ્ર શાહની સભ્ય પદે પસંદગી

ગાંધીનગર, તા.૧૭

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર હસ્તક અભિલેખાગાર ખાતાના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી. શાહની ગુજરાત ઈતિહાસ પરિષદની વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮નાં વર્ષ માટેની કાર્યવાહક સમિતિમાં એક સભ્ય તરીકે પસંદગી કરાયેલ છે. તેઓએ રાજયમાં અને રાજય બહાર વિવિધ સ્થળોએ યોજાયેલ સેમિનારોમાં હાજર રહીને ૩૫ કરતા વધારે સંશોધન લેખોનું વાંચન કર્યું છે.


ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧